# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત

## મ્યુનિસિપલ સ્નાનાગારના નિયમો

૧. સભ્ય પદ મેળવવા બાબત :

૧. સભ્ય થવા ઈચ્છતી વ્યક્તિએ તે અંગેનું પ્રવેશપત્ર પુરી તથા સાચી હકીકત સાથે ભરી દાખલ થવા અંગેની દાક્તરની તપાસ, તરતા જાણકાર હોવા અંગેની પરીક્ષા વિ. અમલમાં હોય તે જરૂરી વિધિ પસાર કરવાની રહેશે.

૨. ઉપરની તમામ વિધિ વખતે પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ, પ્રવેશપત્ર સાથે રજૂ કરવાના રહેશે.

૩. પ્રવેશપત્રમાં સાચી તેમજ સંપૂર્ણ હકીકત રજુ ન કરનાર વ્યક્તિનું સભ્યપદ શરૂઆતથી જ રદબાતલ ગણાશે.

૪. ૧૮ વર્ષથી નીચેની ઉંમર ધરાવનાર વ્યક્તિએ પ્રવેશપત્રમાં પોતાના પિતા અગર વાલીની સંમતી દર્શક સહી મેળવવાની રહેશે.

૨. સભ્યોએ પાળવાના નિયમો :

૧. સ્નાનાગારમાં ન્હાવા માટે કે અન્ય કોઈ ક્ષેત્રમાં કાર્યક્રમ અંગે પ્રવેશ મેળવવા માટે પોતાનું ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૨. શાવરરૂમ્સ વિભાગમાં પ્રવેશ કરતી તેમજ બહાર નીકળતી વખતે પ્રવેશદ્વાર પર સભ્યના પ્રવેશ અંગેની નોંધબુકમાં તમામ નોંધ તથા સહી સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમ કરવાની રહેશે.

૩. સ્નાનાગારના પાણીમાં પ્રવેશ કરતા અગાઉ શાવરરૂમ્સ વિભાગમાં સંપૂર્ણ રીતે શરીર સ્વચ્છ થાય તે રીતે સ્નાન કરવાનું રહેશે.

૪. ન્હાવા માટે વાંધાજનક ન ગણી શકાય તેવા ઘેરા રંગનો, તરવા અંગેનો પોશાક, બેથીંગ કોસ્ચ્યુમ પહેરવાનો રહેશે. ઉપરાંત સ્ત્રીઓ તેમજ લાંબા વાળ ધરાવતી વ્યક્તિઓએ બેથીંગ કેપ પહેરવાની રહેશે.

૫. કોઈ પણ સભ્ય નીયત જગા સિવાય, સ્નાનાગારના પાણીમાં કે બહાર સ્થળ પર થુંકવાની, પેશાબ કરવાની અગર મળત્યાગ કરવાની ક્રિયા અગર ન્યુસન્સ કરી શકશે નહીં.

૬. કોઈપણ સભ્ય, આકસ્મિક મુલાકાતી કે સભ્યના મહેમાન જો ચામડીનાં કોઈપણ ચેપી રોગથી પીડાતા હોવાનું માલુમ પડશે તો, જ્યાં સુધી તેવો રોગ સંપૂર્ણ દૂર થયો હોવાની ખાત્રી અધિકૃત અધિકારીને સંતોષજનક રીતે ન થાય, ત્યાં સુધી તેમને સ્નાનાગારનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૭. સ્નાનાગારમાં તરતી વખતે તાલીમ લેતી વખતે, કોઈપણ સભ્ય સાથે તોફાન, મોટેથી બુમાબુમ અગર બીજા સભ્યોને વાંધાજનક હોય તેવું અસભ્ય વર્તન કરી શકશે નહીં.

૮. કોઈપણ સભ્ય સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર સ્ટાફની ગેરહાજરીમાં પાણીમાં પ્રવેશ કરી શકશે નહીં.

૯. કોઈપણ સભ્ય દિવસમાં એકથી વધુ વખત તેમજ એકીસાથે ૪૫ મીનીટથી વધુ સમય સ્નાનાગરનો ઉપયોગ કરી શકશે નહીં.

૧૦. ''શિખાઉ'' તેમજ ''તરતા જાણકાર'' સભ્યોને નિયત સમય પુરો થતાની પાંચ મીનીટ અગાઉ ઘંટડી વગાડવમાં આવશે. જે બાદ દરેક સભ્યએ પાંચ મીનીટમાં જ સ્નાનાગારના પાણીમાંથી બહાર આવી જવાનું રહેશે. ત્યારબાદ ૧૫ મીનીટમાં જ શાવરરૂમ્સ વિભાગની બહીર આવી જવાનું રહેશે.

૧૧. કોઈપણ સભ્ય બીજી વ્યક્તિને સ્નાનાગરમાં પ્રવેશ મેળવવા માટેનું પોતાનું ઓળખપત્ર આપી શકશે નહિ. તેમજ ઓળખ પત્રમાંની માહિતીમાં કંઈપણ ફેરફાર કે ચેકચાક કરી શકશે નહી. આમ કરનારનું સભ્યપદ રદ થવાને પાત્ર ઠરશે.

૧૨. "તરતા જાણકાર" અગર "શિખાઉ" સભ્યો માટેનો નિયત સમય પુરો થવાની પંદર મીનીટ અગાઉ પ્રવેશ આપવાનું બંધ કરવામાં આવશે.

૧૩. સ્નાનાગારનો ઉપયોગ કરતી વખતે તમામ સભ્યોએ ઓળખપત્રમાં દર્શાવેલ સૂચના તેમજ ફરજ પરના સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટરની સુચનાઓ તથા આદેશોનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે તથા તેઓની પરવાનગી વિના ઉંડા પાણીના વિસ્તારમાં જઈ શકશે નહીં.

૧૪. કોઈપણ વ્યક્તિ કે સભ્ય સ્નાનાગરની જગામાં કૂતરા તેમજ બીજા જાનવર લાવી શકશે નહીં.

૧૫. કોઈ પણ સભ્યએ સ્નાનાગારમાં ન્હાવા આવતી વખતે કિંમતી મિલકત જેવી કે પૈસા, પાકીટ, ઘડીયાળ, મોબાઈલ ફોન, અગર ઘરેણાં વિ. સાથે ન લાવવા ખાસ સૂચના આપવામાં આવે છે. આવી કોઈ ચીજ-વસ્તુ કે મિલકત ગુમ થવા અગર ચોરાઈ જવા અંગે મ્યુ. કોર્પોરેશન કે તેના કોઈપણ કર્મચારીની જવાબદારી રહેશે નહીં.

૧૬. શિખાઉ સભ્યોએ તાલીમ વર્ગમાં તાલીમ લેતી વખતે, ઓળખપત્રમાં દશાવેલ સુચનાઓ તેમજ ફરજ પરના સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટરના આદેશોનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે, તથા તેઓની પરવાનગી સિવાય ઊંડા પાણીના વિસ્તારમાં જઈ શકશે નહીં.

૧૭. મ્યુ. કમિશ્નર અગર અધિકૃત અધિકારીની લેખિત મંજુરી સિવાય કોઈપણ સભ્ય સ્નાનાગર તરફથી યોજાતી જલપ્રવૃત્તિની સ્પર્ધાઓ સિવાય બીજી કોઈ જલપ્રવૃત્તિની સ્પર્ધામાં મ્યુ. સ્નાનાગાર તરફથી ભાગ લેતાં હરીફ સામે ભાગ લઈ શકશે નહી.

૧૮. સભ્યો માટેના તમામ નિયમો તેઓના મહેમાનો કે આકસ્મિક મુલાકાતીને બંધનકર્તા રહેશે.

૩. સભ્યોએ પાળવાના નિયમો પૈકી કોઈપણ નિયમના ભંગ માટે અથવા સ્નાનાગારની જગામાં અસભ્ય વર્તણુંક કરવા માટે, અગર કોઈપણ નિયમના અનાદર માટે જે તે ગુન્હેગાર સભ્ય માટે મ્યુ. કમિશ્નર અગર અધિકૃત અધિકારી પગલાં લઈ શકશે તથા તેવા સભ્યને સ્નાનાગારની જગામાંથી બહાર કાઢી શકશે, ઓળખપત્ર જપ્ત કરી શકશે તેમજ તેવા સભ્યનું સભ્યપદ યોગ્ય લાગે તેટલા સમય માટે સ્થગીત (સસ્પેન્ડ) કરી શકશે. અગર સર્ટીફીકેટ ઓફ પોસ્ટીંગથી નોટીસ આપી સભ્યપદ રદ કરી શકશે. આ નિયમ અનુસાર લીધેલ પગલાં અંગે મ્યુ. કમિશ્નર કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

૪. મ્યુ. કોર્પોરેશન કે તેના કોઈપણ અધિકારી / કર્મચારી સ્નાનાગારની જગ્યામાં થતા કોઈપણ અકસ્માત, ઈજા, નુકશાન, જાનહાનિ કે મૃત્યુ માટે જવાબદાર રહેશે નહીં.

૫. અગાઉથી નોટીસ આપ્યા વિના કોઈપણ દિવસ કે સમયે સ્નાનાગાર બંધ કરવાની કે કોઈપણ સભ્યને પ્રવેશ ન આપવાની મ્યુનિ. કમિશ્નર અગર અધિકૃત અધિકારીને સત્તા રહેશે.

૬. ઉપરના સામાન્ય નિયમ તથા શરતો ઉપરાંત તેને બાધ ન આવે તે રીતે સંજોગો અનુસાર, મ્યુનિ. કમિશ્નર અગર અધિકૃત અધિકારી જરૂરી પગલાં લઈ શકશે અને તેમાં સુધારો કરી શકશે.